સુપ્રભાતમ્

સુરેશ પ્રા. ભટ્ટ
99789-26251

સલામી સવારની..

શરૂ કર્યા પછી, કેટલું ખાવું, નક્કી કોણ કરે ?
કેટલી પેઢી સુધીનું ખાવુંએ, નક્કી કોણ કરે ?
અમે તો માત્ર મધ્યાહ્ને - તમે તો ખાવ દિવસ રાત
અમારું તો ભરાઈ જાય, તમારું નક્કી કોણ કરે ?
(શિક્ષકોનું હડહડતું અપમાન...)

હાઈકુ

ગંડુ નગરી!!
- ને બાપુના ઢંઢેરા -
તમે ન ખાવ!
(માત્ર અમારો અધિકાર)
મધ્યાહન ભોજન

કરો પૂજન -
આવાસ રાફડાનું
બેઠા કૌભાંડી
(નાગ પાંચમ)

ચિંતન

જો માયા જગહિ નચાયા, જાસુ ચરિત લખિ કાહુ ન પાયા,
સિવ ચતુરાનન જાહિ ડેરાહીં, અપર જીવ કેહિ લેખે માહિ ॥

ઉપરોક્ત સાખી રામચરિત માનસમાંથી લેવામાં આવેલ છે.

જે માયા સંસારને નચાવી રહી છો, જેનું ચરિત્ર કોઈ જોઈ શક્યું નથી, જેનાથી શિવ અને બ્રહ્મા ડરે છે, તેની સામે જીવન શી ગણતરી ?

દેવતાઓ અને અસુરોની માયાથી બ્રહ્માદિની માયા પ્રબળ છે અને બ્રહ્માદિની માયાથી શ્રીરામચની માયા પ્રબળ છે. એ જ માયા એ સતીને નચાવ્યા હતા. માયા સ્વતઃ શક્તિમાન નથી, તે નિર્બળ છે, તે શ્રીરામની પ્રેરણાથી, તેમની સત્તાથી તેમનો આશ્રય પામીને બળવાન થઈ બધું કાર્ય કરે છે.

સુવિચાર

- અપને અહમ કો થોડા સા ઝુલા કે ચલિયે, સબ અપને લગેંગે જરા સા મુસ્કુરા કે ચલિયે - **સલીમખાન**
- ત્રણ વસ્તુઓ જયારે સાવ નજીક હોય છે ત્યારે નકામી હોય છે એટલે એને મધ્યમાં જ રાખવી, અગ્નિ, સરકાર, ગુરુ - **એન્થની ડી મેલ્લો**
- છેતરવાની કે છીનવી લેવાની ભાવના આપણા માટે જ ઘાતક નીવડે છે - **વિચારદીપ**
- સાચું બોલવાની હિંમત એ જ કેળવી શકે જેને નૈતિકતા ખાતર દુશ્મન વધારવામાં વાંધો ન આવે - **અમૃતબિંદુ**
- સૂર્યને પ્રકાશ તો સંધ્યા થતા અસ્ત થાય છે, જયારે વિવેકનો પ્રકાશ કદાપિ અસ્ત થતો નથી - **એસ. ભટ્ટાચાર્ય**
- હું વિજયની એક ક્ષણ માટે મહિનાઓ સુધી હારવાની ક્ષમતા અને સ્ટેમીના ધરાવું છું મારો ગુણ ગુણો કે અવગુણ એક જ છે તે છે 'જીદ' - **સ્ટેફીગ્રાફ**
- આજનું ઔષધ : કપાસના છોડના મૂળને પાણીમાં ખૂબ ઉકાળી પીવાથી બહેનોની માસિકની અનિયમિતતામાં રાહત થાય છે **(સંકલન : દીપક વી. આશરા)**

બોધકથા

જગત કયારેય સુધરતું નથી. દરેકે પહેલાં પોતાની જાતને જ સુધારવી જોઈએ. જેથી જગત આપોઆપ સુધરી જશે. અને સમાજમાં એક નવો આદર્શ પ્રસ્થાપિત થશે. રાજકુમાર પોતાનો બગીચો જોવા નીકળ્યો હતો. તેને વિચાર્યું કે આવડા મોટા આ બગીચાનો ફાયદો શું હશે ? બગીચામાં એક મોટા આંબાને પૂછ્યું, 'તમે મારા માટે શું કરી રહ્યા છો ?' આંબાએ કહ્યું, 'હું દર ઉનાળે ફળોનો રાજા કેરીનો મબલખ પાક આપું છું, જે આપને ખૂબ ભાવે છે.' રાજકુમારે તેને શાબાદી આપી. આગળ જતાં વડલો મળ્યો, તેને પણ રાજકુમારે આ જ પ્રશ્નો પૂછ્યો. વડલાએ જવાબમાં કહ્યું, 'સવાર સવારમાં જે પંખીઓના કલરવથી તમારી સવાર સુધરે છે, તે પંખીઓના માળા હું સાચવું છું. અને મારી ફેલાયેલી ડાળીઓમાં ઠંડો છાયડો અને આપને માટે બાંધેલો આ હીંચકો આપના આનંદ માટે જ છે ને ?' રાજકુમારે વડલાને ધન્યવાદ આપ્યા. આગળ રાજકુમારે ઘાસને પૂછ્યું, 'તમે મારા માટે શું કરી રહ્યા છો.' ઘાસે કહ્યું, 'મહારાજ, આપની ગાય-ભેંસની ભૂખ સંતોષવા અમે પ્રાણ આપવા તૈયાર રહીએ છીએ.' રાજકુમારે તેમનો પણ આભાર માન્યો. આગળ વધતા રાજકુમારે મોગરાના ફુલને પણ આ જ સવાલ પૂછ્યો, મોગરાએ કહ્યું, 'હું આપને નથી મીઠા ફળ આપી શકતો કે નથી હું પંખી માટે માળાની જગ્યા આપતો. હું તો માત્ર એટલું કરી શકું છું કે શક્ય બને એટલું સુંદર મોગરાનું સુગંધિત ફુલ બની શકું છું.' રાજકુમારે નાના મોહપાને ચૂમી લીધું અને કહ્યું, 'શાબાશ, નાનકડું ફુલ, તારા જેવું તો કોઈ જ નથી. હું તને મારા નવા બગીચામાં લગાવીશ જેથી મને સચ્ચાઈની યાદ આવતી રહે કે મારે મારાથી બને ત્યાં સુધી સર્વોત્તમ બનવાનો પ્રયાસ કરવાનો છે.' પ્રસંગનો સાર એ છે કે દરેકે પોતાની જાતને વધુ ને વધુ સારી બનાવવાનો પ્રયત્ન કરતાં રહેવું જોઈએ. જયારે તમે તમારી જાતને સંતોષ થાય એવા બની જશો ત્યારે તમે સમાજ માટે આપોઆફ એક આદર્શ તરીકે ઓળખાઈ જશો.

રાહુલ ગાંધી : અવઢવમાં જીવતા નેતા

તંત્રીસ્થાનેથી...

છેલ્લે મળતા સમાચાર મુજબ કોંગ્રેસના અધ્યક્ષ રાહુલ ગાંધી એમના આરાધ્ય દેવાધિદેવ શિવની લીલાભૂમિ કૈલાશ માનસરોવરની યાત્રાએ જઈ રહ્યા છે. રાહુલ ગાંધીને એમનાં દાદીમા ઈન્દિરા ગાંધીની જેમ હિંદુ દેવીદેવતાઓમાં આસ્થા હોય તો તેમાં કશું જ ખોટું નથી. આ મુદ્દે એમની મજાક ઉડાવવી તે ખરેખર તો એમના નાગરિક તરીકેની મૂળભૂત અધિકાર પર તરાપ મારવા સમાન છે. છતાં વારંવાર ભારતીય જનતા પાર્ટીના નેતાઓ અને પ્રવક્તાઓ એમની તીખી ફિરકી લેતા રહે છે અને હિંદુ ધર્મ પર જાણે એમનો પોતાનો જ ઈજારો હોય એમ વર્તતા રહે છે. રાહુલ ગાંધીએ હિંદુત્વની લાઈન રાજકીય કારણોસર પકડી હોય તો પણ એમને ભારતીય જનતા પાર્ટીને એની જ ભાષામાં જવાબ આપ્યો છે એવું અર્થઘટન કરી શકાય. આખરે ધર્મના નામે રાજકારણ ન જ રમાવું જોઈએ એવા આદર્શનું સૌથી વધુ પ્રમાણમાં ઉલ્લંઘન તો ભારતીય જનતા પાર્ટી દ્વારા જ થતું રહ્યું છે. અડવઆણીની રામજન્મભૂમિ યાત્રા એનું સર્વોત્તમ ઉદાહરણ છે. તત્કાલીન ભાજપના સર્વોચ્ચ નેતા સ્વ. અટલ બિહારી વાજપેયી આ યાત્રામાં નહોતા જોડાયા તે સર્વવિદિત છે. કોંગ્રેસ સામે લઘુમતી સમાજમાં તુષ્ટીકરણનો આક્ષેપ થતો રહ્યો છે. આ મુદ્દો ભાજપના ભાથાનું અમોઘ શસ્ત્ર બની ચૂક્યો છે. કોંગ્રેસનાં વર્તુળોમાં પણ મુસ્લિમ તુષ્ટીકરણ નીતિ ચર્ચાસ્પર બનતાં રાહુલ ગાંધીએ ગુજરાત વિધાનસભાની ચૂંટણી વખતે પથ્થર એટલાં દેવ કરી હાસ્યાસ્પદ સ્થિતિ સરજી હતી. જિલ્લે જિલ્લે મંદિરોમાં જઈ પૂજાપાઠ કે દર્શન કરી આવ્યા હતાં છતાં પરિણામ તો ભાજપની તરફેણમાં જ આવ્યું હતું, અલબત્ત, એન્ટિ ઈન્કમ્બન્સી ફેકટરનો લાભ કોંગ્રેસની બેઠકોમાં થયેલ વધારા સ્વરુપે જરૂર સાંપડ્યો હતો. કર્ણાટકમાં કોંગ્રેસે આડકતરી રીતે સત્તામાં ભાગીદારી ટકાવી રાખીને ભારતીય જનતા પાર્ટીને શિકસત આપી હતી. રાહુલ ગાંધીએ વારંવાર ખુલાસા કરવા પડ્યા છે કે તેઓ પ્રખર શિવભક્ત છે. જનોઈધારી બ્રાહ્મણ છે. આવું કહેવા પાછળ દેશની હિંદુ બહુમતી કબજે કરી સરી ગયેલી સત્તા પાછી મેળવવાની ઝંખના જવાબદાર હોઈ શકે છે. પરંતુ આ રીતે ધાર્મિક આસ્થાને જાહેરમાં વટાવવાનું નહેરુવંશી રાહુલ ગાંધીને શોભતું નથી. રાજકારણને અંગત આસ્થાથી વેગળી રાખવાના હિમાયતી હતા. રાહુલે કૈલાસ માનસરોવર યાત્રા પાછલ જે 'ચમત્કાર' જેવું કારણ ટાંક્યું છે તે કોઈ પણ સામાન્ય બુદ્ધિવાળા માણસના ગળે નહીં ઊતરે. એમણે કર્ણાટક જતાં એમનું એરોપ્લેન ૮૦૦૦ ફૂટ જેટલી હાઈટ ગુમાવી રહ્યું હતું ત્યારે શિવજીનું સ્મરણ કર્યું હતું અને માનસરોવરની યાત્રા કરવાની બાધા રાખી હતી ! એકવીસમી સદીમાં આવા આધુનિક ગણાયા યુવા નેતા આવી અંધશ્રદ્ધામાં માને તે કેવી વિડંબના છે! કૈલાસ માનસરોવરની યાત્રાએ જનાર રાહુલ ગાંધી 'હિંદુ ફાઝીઝમ' નો આક્ષેપ કરી દેશના સૌથી મોટા સ્વૈચ્છિક સંગઠન રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘને 'મુસ્લિમ બ્રધરહૂડ' જેવી કટ્ટરવાદી સંસ્થા સાથે સરખાવે છે. એમનો આવો આક્ષેપ કોંગ્રેસ તરફ હિંદુ સમાજમાં શરૂ થયેલી સહાનુભૂતિ મંદ પાડી શકે છે. સંઘ વડા મોહન ભાગવતે રાહુલ ગાંધીને સંઘ શિબિર પ્રસંગે સંબોધન કરવા નોંતરું પાઠવવાનો વિચાર કર્યો છે. બધા જાણે છે કે પ્રણવ મુખરજીની જેમ સંઘના જ મંચનો ઉપયોગ કરીને રાહુલ ગાંધી દેશની આઝાદીમાં પોતાના પરિવારના પ્રદાનને ઉજાગર કરવાની ક્ષમતા ધરાવતા નથી. તેઓ સંઘને ગાંધીના હત્યારા તરીકે ઓળખાવી ચૂક્યા છે એટલે કદાચ નિમંત્રણ મળશે તો પણ એનો અસ્વીકાર જ કરશે. રાહુલ ગાંધી વ્યક્તિ તરીકે ભાજપના વર્તમાન ધુરંધરો કરતાં વધુ પ્રામાણિક અને પારદર્શક જરૂર હોઈ શકે છે પણ એમનામાં નરેન્દ્ર મોદી જેવી વાક્‌પટુતા કે મૌલિકતા નથી. તેઓને હજી પ્રજાનો સીધો પરિચય નથી. પોતે પ્રામાણિકપૂર્વક કબૂલતા રહ્યા છે એમ મર્યાદિત સમજણ ધરાવતા પેરાશૂટ નેતા છે. પરિવારના કારણે એ સીધા જ સર્વોચ્ચ સ્થાને આરૂઢ થઈ શક્યા છે. આ બધી મર્યાદાઓ ઓળંગી ૨૦૧૯ની ચૂંટણીમાં મહાગઠબંધનનું નૈતિક નૈતૃત્વ કરવાની જવાબદારી એમના શિરે આવવાની છે. આપણે એમને હૈયાધારણ સહ શુભેચ્છા પાઠવીએ.

એક જૈન આચાર્યની શિવસ્તુતિ

અમર વારસો
ડૉ. રશ્મિકાન્ત મહેતા

સમગ્ર શ્રાવણ માસ શિવમહિમાનો છે; તેમાં પણ સોમવારનું વિશેષ મહત્ત્વ છે. શિવસ્તુતિઓ શિવપૂજનનો એક ભાગ છે.

કેટલીય પ્રચલિત શિવસ્તુઓ આ પ્રમાણે છે : (૧) વિશ્વનાથાષ્ટક - વેદવ્યાસ (૨) દારિદ્રદહનશિવ - ઋષિ વસિષ્ઠ (૩) શિવતાંડવ - દશાનન રાવણ (૪) શિવસ્તોત્ર - ઉપમ (૫) શિવપંચાક્ષર - શંકરાચાર્ય (૬) શિવમહિમ્ન - પુષ્પદન્ત (૭) હારકેશ્વરાષ્ટક (૮) રૂદ્રાષ્ટક - તુલસીદાસ (૯) શંકરાષ્ટક - યોગાનંદ તીર્થ.

અહીં એક વિશેષ મહત્ત્વની શિવસ્તુતિની નોંધ લેતાં આનંદ થાય છે. બિનસાંપ્રદાયિક સમન્વય ભારતીય સંસ્કૃતિની આધારશિલા છે. આ સમભાવને સંવર્ધિત કરવામાં વંદનીય વિભૂતિઓનું પ્રદાન છે. આમાં કલિકાલ સર્વજ્ઞ જૈન આચાર્ય હેમચંદ્રાચાર્ય (ઈ.સ. ૧૦૯૮ - ૧૧૭૩) નું ગૌરવપૂર્ણ સ્થાન છે.

તેઓ સિદ્ધરાજ જયસિંહ અને એમના અનુગામી કુમારપાળ બંનેની સોમનાથયાત્રામાં એમની સાથે હતા. રાજર્ષિ કુમારપાળ સોમનાથ મંદિરનો જિણોદ્ધાર કરાવ્યો હતો. આચાર્યએ 'કુમારપાળ ચરિત્ર' સંસ્કૃત મહાકાવ્યની રચના કરી હતી. તેમાં આ જિણોદ્ધારની વિગત સર્ગ ૨૦માં આપી છે. ઈ.સ. ૧૧૪૪માં કુમારપાળ સોમનાથયાત્રાએ આવ્યા. તે મહાદેવને અભિષેક કરતા હતા, એ વખતે આચાર્ય પોતાની શીઘ્ર કવિતાને કારણે મહાદેવસ્તોત્રની રચના કરતા ગયા અને એનું ગાન કરતા ગયા.

આ મહાદેવસ્તોત્રનું બે રીતે મહત્ત્વ છે : ભગવાન શંકર પ્રત્યેનો ભક્તિભાવ અને ભગવાન શંકરનું સ્વરુપ. સ્તોત્ર નામ છે : 'શ્રીમહાદેવદ્વાત્રિંશિકા' આમાં સંસ્કૃતમાં અનુષ્ટુપ છંદમાં રચાયેલા ૩૨ શ્લોક છે. છેલ્લો ૩૩મો શ્લોક નમસ્કાર છે.

આચાર્ય પાસે પુરોગાણી આચાર્યનું ઉદાહરણ છે. આચાર્ય હરિભદ્રસૂરિ (ઈ.સ. ૬૪૪-૭૪૩) એ અગાઉ 'મહાદેવષ્ટક'ની રચના કરી હતી.

આચાર્ય હેમચંદ્રની શિવસ્તુતિનો આ સારાંશ છે - ભગવાન શંકરનું દર્શન મનને શાંત કરે છે, સૌને અભય આપે છે, સૌનું કલ્યાણ કરે છે તેથી સૌ કોઈ એનું દર્શન કરે છે.

તેને કોઈને માટે રાગદ્વેષ નથી. નેતામાં મહાનતા અને સમર્થતા છે. તેથી મહેશ્વર છે... તેને પ્રણામ.

તે મહાદેવ છે. કારણ કે - તેનું જ્ઞાન મહાન છે. કામ, ક્રોધ વગેરે મોટા લૂંટારાને જીતી લીધા છે. મહાન સદ્‌ગુણો ધરાવ છે.

તે સ્વયં પ્રગટેલા છે. તે કલ્યાણકારક છે, તેથી જિન કહેવાય છે. તે શંકર તરીકે પ્રસિદ્ધ છે.

પોતે આકાર વગરના છે, પરંતુ ભક્તોને માટે આકાર વાળા છે. તેના શક્તિ અને દયા પરમ છે. તેથી પરમાત્મા છે, તેહમાં રહેલો અંતરાત્મા છે.

બ્રહ્મા, વિષ્ણુ, અને મહેશ જુદા જુદા લાગે છે, પરંતુ તત્ત્વતઃ તે એક જ છે, તે શિવ છે.

પૃથ્વી, જળ, પવન, અગ્નિ, યજમાન, આકાશ, ચંદ્ર અને સૂર્ય - આ આઠ એની વિભૂતિઓ છે; એ ખરેખર આઠ ગુણો છે - અનુક્રમેઃ ક્ષમા, શાંતિ, અનાસક્તિ, યોગ, આત્મા, દયા, સમતા અને જ્ઞાન.

એ 'અર્હત્' છે. આને પ્રમાણે કરવાથી સિદ્ધિ મળે છે. આ પદમાં 'અ' થી વિષ્ણુ, 'ર' થી બ્રહ્મા અને 'હ' થી હર (મહેશ) સમજવું. આ રીતે સમજવાથી પરમ પદની પ્રાપ્તિ થાય છે.

આ બ્રહ્મા, અથવા વિષ્ણુ અથવા મહેશ શ્રેષ્ઠ છે. આને પ્રમાણ.

જૈન આચાર્ય હેમચંદ્રાચાર્યનું મહાદેવ સ્તોત્ર આ રીતે વિશિષ્ટ છે. એ આંતરિક અને બાહ્ય સમન્વયને આદર્શ રીતે પ્રસ્તુત કરે છે. પ્રથમ જયોતિર્લિંગ છે, એવા સોમનાથના પ્રત્યક્ષ અભિષેક સમયે આચાર્યની શીઘ્ર કવિતાને કારણે પ્રગટેલું છે. આ સ્તુતિના રચયિતા આચાર્યને પ્રણામ.

શીતળાની રસીના શોધક એડવર્ડ જેનર કયા દેશના વૈજ્ઞાનિક હતા ?

વિજ્ઞાન જગત

૧ કયું પક્ષી ઉડતા ઉડતાં ઊંઘી શકે છે?
(અ) બાઈલ્ડ ઈગલ (બ) સાયબેરિયન કેઈન
(ક) એલ્બેસ્ટ્રોસ (ડ) હેમિંગ બર્ડ

૨ ક્વાશિયોકોર રોગમાં બાળકના કયા અવયવને અસર થાય છે ?
(અ) આંખો લાલા થાય છે (બ) શરીર પર ચાઠાં પડે છે
(ક) પ્રવાહી ઝાડા થાય છે (ડ) પેટ ફૂલી મોટું થઈ જાય છે

૩ ઓમ્પલન્સ મોન્સ કયા ગ્રહ ઉપર આવેલ જવાળામુખી છે ?
(અ) મંગળ (બ) બુધ
(ક) શુક્ર (ડ) ગુરુ

૪ સર વિલિયમ હર્ષેલ એ કયા ગ્રહની શોધ કરી હતી ?
(અ) નેપ્ચ્યુન (બ) પ્લુટો
(ક) યુરેનસ (ડ) બુદ્ધ

૫ કયું પક્ષી તરી શકે છે પણ ઉડી શકતું નથી?
(અ) શાહમૃગ (બ) પેંગ્વિન
(ક) સીગલ (ડ) હંસ

૬ મરચાની તીખાસ કયા તત્વને આભારી છે ?
(અ) થાયમીન (બ) વિટામીન સી
(ક) કેરોટીન (ડ) કેપ્સિન

૭ મશરૂમમાં સૌથી વધારે પ્રમાણમાં શું મળી આવે છે ?
(અ) કાર્બોદિત (બ) ચરબી
(ક) પ્રોટીન (ડ) વીટામીન્સ

૮ ભારતની સિલિકોન વેલી કયાં આવેલી છે ?
(અ) હૈદરાબાદ (બ) બેંગ્લોર
(ક) મુંબઈ (ડ) પુના

૯ શીતળાની રસીના શોધક એડવર્ડ જેનર કયા દેશના વૈજ્ઞાનિક હતા ?
(અ) ઈંગ્લેન્ડ (બ) સ્કોટલેન્ડ
(ક) વેલ્સ (ડ) આર્યલેન્ડ

૧૦ ચંદ્ર પર પહોંચનારું પ્રથમ અંતરીક્ષ યાન કયું હતું ?
(અ) એપોલો - ૧૧ (બ) લ્યુનિક-૨
(ક) કોલંબીયા (ડ) એપોલો - ૭

૧૧ સ્ટેથોસ્કાપની શોધ કયા વૈજ્ઞાનિકે કરી હતી ?
(અ) રોબર્ટ કોચ (બ) બી. પાસ્કલ
(ક) હેન્સ લિપરશી (ડ) રિની લેનિન

૧૨ કોકમમાં કયો એસિડ હોય છે ?
(અ) ફોર્મિક એસિડ (બ) સાઈટ્રીક એસિડ
(ક) એસિટીક એસિડ (ડ) હાઈડ્રોકલોરીક એસિડ

૧૩ પાસ્કલ શાનો એકમ છે ?
(અ) ધ્વની તીવ્રતા માપવાનો (બ) વીજ દબાણનો
(ક) દબાણનો (ડ) ઉર્જાનો

૧૪ જિન્કોગ્રાફ કઈ ધાતુ પર લખાણ માટે વપરાય છે ?
(અ) જસત (બ) તાંબુ
(ક) એલ્યુમિનિયમ (ડ) સ્ટીલ

૧૫ ઈંડાનું આવરણ શાનું બનેલું હોય છે ?
(અ) કેલ્શિયમ ફોસ્ફેટ (બ) કેલ્શિયમ કાર્બોનેટ
(ક) કેલ્શિયમ સલ્ફેટ (ડ) કેલ્શિયમ કલોરાઈડ

ખજાનો
અનિલ પટેલ

વિવિધા

વિષય : આ સપ્તાહમાં આવતી મહત્ત્વની ઘટનાઓ

- **૨૧ ઓગસ્ટ :**
  - ગુજરાતી ભાષા, શિક્ષણ અને સંસ્કૃતિને સમૃદ્ધ કરવામાં યોગદાન આપનાર અંગ્રેજ સાહિત્યકાર એલેકઝાન્ડર ફાર્બસનું નિધન (૧૮૬૫)
  - 'કુમાર' અને 'કવિલોક'ના પૂર્વ તંત્રી અને સાહિત્યકાર ધીરુભાઈ પરીખનો જન્મ દિવસ (૧૯૩૩)
  - હાસ્ય લેખક બકુલ ત્રિપાઠીનું નિધન (૨૦૦૬)
- **૧ સપ્ટેમ્બર : (જીવન વિમા નિગમ દિન)**
  - ગાંધીવાદી અને સમાજસેવક જુગતરામ દવેનો જન્મ દિવસ (૧૮૯૨)
  - ગુજરાતી ગઝલકાર 'અમર' પાલનપુરીની જન્મજયંતિ (૧૯૩૫)
  - ભારતીય જીવન વિમા નિગમની સ્થાપના (૧૯૫૬)
- **૨ સપ્ટેમ્બર :**
  - આંધ્ર પ્રદેશના પૂર્વ મુખ્યમંત્રી વાય.એસ. રાજશેખર રેડ્ડીનું અવસાન (૨૦૦૯)
  - બાળખ કેળવણીના હિમાયતી અને ચિંતક લેખિકા તારાબેન મોડકરની પુણ્યતિથિ (૧૯૭૩)
  - ભારતીય ક્રિકેટર ઈશાતનો જન્મ દિવસ (૧૯૮૮)
- **૩ સપ્ટેમ્બર**
  - ગુજરાતના નામાંકિત સાહિત્યકાર નરસિંહ રાવ દિવેટિયાનો જન્મદિવસ (૧૮૫૯)
  - બુકર પ્રાઈઝ વિજેતા કિરણ દેસાઈનો જન્મ દિવસ (૧૯૭૧)
  - અભિનેતા વિવેક ઓબેરોયનો જન્મદિવસ (૧૯૭૬)
  - સુરેશ જોષીની પુણ્યતિથિ (૧૯૮૬)
- **૪ સપ્ટેમ્બર :**
  - કેળવણીકાર સાહિત્ય કાર અને ગાંધીવાદી પૂજ્ય મોટાનો જન્મદિવસ (૧૮૯૮)
  - સ્વરાજય ચળવળના પ્રણેતા દાદા નવરોજી 'હિંદના દાદા' જન્મજંયતિ (૧૮૨૫)
  - કાયદાનો અભ્યાસ કરવા ગાંધીજી બ્રિટન ગયા (૧૮૮૭)
  - વિકેટ કિપર કિરણ મોરેનો જનમ દિવસ (૧૯૬૨)
- **૫ સપ્ટેમ્બર :** (શિક્ષક દિન)
  - ભારતના દ્વિતીય રાષ્ટ્રપતિ ડૉ. સર્વપલ્લી રાધાકૃષ્ણનનો જન્મદિવસ (૧૮૮૮)
  - 'વિક્રમ અને વેતાલ' અને 'લાપત્તા ગંજ' જેવી યાદગાર સિરિયલના ડાયલોગ લખનાર લેખક શરદ જોષીનું નિધન (૧૯૯૧)
  - ભારતીય ક્રિકેટર પ્રજ્ઞાન ઓઝાનો જન્મદિવસ (૧૯૮૬)
- **૬ સપ્ટેમ્બર :**
  - જાણીતા સાહિત્યકાર સુરેશ જોષીનું નિધન (૧૯૮૬)
  - શાંતિનું નોબેલ પારિતોષિક વિજેતા અમેરિકન મહિલા શ્રીમતી જેઈન એડમ્સનો જન્મ દિવસ (૧૮૬૦)
  - ગીરીશ ગણાત્રાની જન્મજયંતિ (૧૯૪૦)
  - ભારત-પાકિસ્તાન યુદ્ધ (૧૯૬૫)
  - બેટ્સમેન સઈદ અનવરનો જન્મ દિવસ (૧૯૮૬)

ગત સપ્તાહના સવાલનો જવાબ

તાજેતરમાં કયા દિગ્ગજ નેતાને જમ્મુ અને કાશ્મીરના ગવર્નર તરીકે નિયુક્ત કરવામાં આવ્યા ?સત્યપાલ મલિક (૨૩ ઓગસ્ટ, ૨૦૧૮થી)

સાચા ઉત્તર આપનાર પત્રમિત્રો

(૧) આકાશ જી. પટેલ : સે-૨૩ (૨) હાર્દિક એન. ભટ્ટ : સે-૨૪ (૩) રૂચિત એ. પટેલ : ધોળેશ્વર પાસે (૪) ઋજિત રાવલ : ૧૨૨૨/૨, સે-૭ડી (૫) નટુભાઈ દરજી : પેથાપુર (૬) મૂળજીભાઈ પરમાર : સે-૭ (૭) જયેન્દ્ર પ્રસાદ પાઠક : સે-૬ (૮) મહેશ એમ. જાદવ : ગૂ. વિદ્યાપીઠ, અમદાવાદ (૯) પંકજ આર પ્રજાપતિ : ઉવારસદ

આ સપ્તાહનો સવાલ (જવાબ એક સપ્તાહમાં મોકલો)

મનોહરલાલ ખટ્ટર કયા રાજયના મુખ્યમંત્રી છે?

'ગાંધીનગર સમાચાર'- ખજાનો વિભાગ
બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮ ગાંધીનગર

ઈચ્છાને વેગ આપતી નાગ-પાંચમ

રંગ-ઉમંગ
કાનન ઓઝા

નાગ પાંચમના દિવસે કાપવું, સમારવું, તળવું તેમજ ભૂમિ ખોદવી, નાંગરવી આ કૃતિઓ નિષિધ્ધ માનવામાં આવે છે. નાગ પાંચના દિવસે નાગની પૂજા કરવી અર્થાત્ સગુણરૂપમાંના શિવજીની પૂજા કરવા જેવું જ છે. તે દિવસે વાતાવરણમાં આવેલી શિવલહેરો આકર્ષિત થઈને તે જીવને ૩૬૪ દિવસ ઉપર્યુકત નીવડે છે.

નાગપાંચમનો તહેવાર દર વર્ષે શ્રાવણ સુદ પાંચમને દિવસે આવે છે.

નાગ એ ઈચ્છાના પ્રવર્તક હોય છે. ઈચ્છાના પ્રવર્તક એટલે ઈચ્છા ને વેગ આપનારા અથવા સકામ ઈચ્છાની પૂર્તિ કરનારા. નાગપાંચમના દિવસે સંબંધિત તત્ત્વની દેવતાજન્ય ઈચ્છા લહેરો ભૂમિ પર અવતરતી હોવાથી વાયુમંડળમાં નાગદેવતા જન્મ તત્વનું પ્રમાણ વધારે હોય છે. આ દિવસે ભૂમિ સાથે સંલગ્ન ઈચ્છાજન્ત દેવતા સ્વરુપ લહેરો ધનીભૂત થવાનું પ્રમાણ વધારે હોય છે.

સર્પયજ્ઞા કરનારા જનમેજય રાજાને આસ્તિક નામના ઋષિએ પ્રસન્ન કરી લીધા. જન્મેજયે રાજાએ 'વર માગો' એમ કહ્યા પછી સર્પયજ્ઞા રોકવાનો વર તેમણે માગી લીધો. જનમજય રાજાએ સર્પયજ્ઞા રોક્યો તે દિવસે પાંચમનો હતો. શેષનાગ તેમની ફેણ પર પૃથ્વી ધારણ કરે છે. તેઓ પાતાળમાં રહે છે. તેની ઉત્પત્તિ ફેણો છે. પ્રત્યેક ફેણ પર એક હીરો છે. તેની ઉત્પત્તિ શ્રી વિષ્ણુના તમોગુણ દ્વારા થઈ છે. શ્રી વિષ્ણુ પ્રત્યેક કલ્પના અંતમાં મહાસાગરમાં શેષ - આસન પર શયન કરે છે. ત્રેતાયુગમાં શ્રી વિષ્ણુએ રામનો અવતાર ધારણ કરે છે. દ્વાપરમાં એ કળિયુગના સંધિકાળમાં કૃપણનો અવતાર થયો ત્યારે શેષ બલરામ બે છે.

શ્રીકૃષ્ણ ભગવાને જમુના નદીના ઉંડા પાણીમાં વસનારા કાલિયા નાગનું મર્દન કર્યું તે દિવસ શ્રાવણ સુદ પાંચમનો હતો. તે દિવસે સ્ત્રીઓ ભાઈના નામે ઉપવાસ કરે છે. 'ભાઈએ ચિરંતન આયુષ્ય અને અનેક આયુધોની પ્રાપ્તિ થાય અને પ્રત્યેક દુઃખ અને સંકટમાંથી તરી જાય.' આ પણ ઉપવાસ પાછળનું એક કારણ છે.

નાગ પાંચમના આગલા દિવસે પ્રત્યેક બહેને ભાઈ માટે દેવતાને સાદ પાડવાથી તેઓ ભાઈને ટકા લાભ મળે છે. અને તેનું રક્ષણ થાય છે. જે ભાઈની ઉન્નતિ માટે ઈશ્વરને તાલાવેલી પૂર્વક પ્રાર્થના કરે છે. તે બહેનોનો સાદ ઈશ્વરના ચરણો સુધી પહોંચે છે. તેથી પ્રત્યેક સાધિકાએ તે દિવસે ઈશ્વરી રાજયની સ્થાપના માટે પ્રત્યેક યુવકને સદ્‌બુદ્ધિ, શક્તિ અને સામર્થ્યનો લાભ પ્રાપ્ત થાય તે માટે પ્રાર્થના કરવી.

નાગપાંચમના દિવસે શાક સમારવું, વાઢકાપ કરવી, તળવું તેમજ ભૂમિ નાંગરવી, ખોદવું, આના જેવી કૃતિઓ કરવાનું નિષિધ્ધ છે. પણ વર્ષના અનય્ દિવસો આ કૃતિ કરવા માટે બંધન નથી. કાપવું, સમારવું અને તળવું આ પ્રક્રિયા દ્વારા રજ-તમ સાથે સંબંધિત ઈચ્છા લહેરો. અર્થાત દેવતાજન્ય ઈચ્છાલહેરનો કાર્યને અવરોધ કરનારા લહેરો વાયુમંડળ ઉત્સર્જિત થવાનું પ્રમાણ વધારે હોવાથી આ દિવસે નાગદેવતાજન્ય લહેરોને કાર્ય કરવામાં અડચણો આવી શકે છે. આના કારણે નાગાંચમના દિવસે આવા પ્રકારના કૃતિઓ કરવાથી પાપ લાગી શકે છે તેથી નાગપાંચમના દિવસે કાપવું, સમારવું, તળવું તેમજ ભૂમિ ખોદવી, નાંગરવી આ કૃતિઓ નિષિધ્ધ માનવામાં આવે છે.